# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ DGFT રાજકોટ તથા FIEO ના સયુંકત ઉપક્રમે "Understanding New eBRC Module on DGFT Website" અંગે અવરનેશ સેમીનાર યોજવામાં આવેલ...**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ DGFT રાજકોટ તથા ફેડરેશન ઓફ ઇન્ડીયન એક્ષપોર્ટ ઓર્ગેનાઈઝેશનના સયુંકત ઉપક્રમે "Understanding New eBRC Module on DGFT Website" અંગે તા.૨૦-૦૬-૨૦૨૪ ના રોજ અવરનેશ સેમીનાર યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં નિકાસકારો ઉપસ્થિત રહેલ.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી રાજકોટ ચેમ્બર અવાર-નવાર વિવિધ સેકટરને લગતા સેમિનારો યોજે છે. ત્યારે નિકાસકારોને New eBRC Module ની સંપુર્ણ જાણકારી મળી રહે તે તેમજ New eBRC માં જે ફેસેલીટી છે તેમાં તેને કઈ રીતે જનરેટ કરી શકાય અને તેમાં કઈ કઈ મુશ્કેલીઓ પડી રહી છે તેનું યોગ્ય નિરાકણ લાવવા માટે આ સેમિનાર યોજેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે. વધુમાં સરકાર દ્વારા નિકાસકારોને ઘણી સુવિધાઓ આપવામાં આવી રહી છે જેમાં ઇન્ડિયામાર્ટમાં રજીસ્ટ્રેશન તથા નાના વેપારીઓ માટે ઈ-કોમર્સ માર્કેટ પ્લેસ પણ ખુબ જ ઉપયોગી બની રહયું છે. રાજકોટ ચેમ્બર વેપાર-ઉધોગકારોના દરેક પ્રશ્નોને વાચા આપવા હંમેશા તત્પર રહે છે. ત્યારે કોઈપણ પ્રશ્નો-સમસ્યા હોય તો જાણ કરવા અનુરોધ કરેલ.

જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોની દ્વારા નિકાસકારો માટે eBRC જનરેટ કરવા માટે બેન્કો દ્વારા રૂા.૫૦૦ થી ૧૦૦૦ જેટલો ચાર્જ વસુલ કરવામાં આવે છે. તેથી નિકાસકારો ઉપર આર્થિક ભારણ ન પડે તે માટે તેઓ પોતે જ eBRC જનરેટ કરી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરેલ છે. પરંતુ તેમાં EDPMS એન્ટ્રી કલોઝ કરાવવી પડશે તેની જાણકારી આપેલ.

મુંબઈ સ્થિત ખાસ વકતાશ્રી મિહીરભાઈ શાહએ ઈલેકટ્રોનિક બેન્ક રિયલાઈઝેનશ સર્ટીફીકેટ કે જેને eBRC તરીકે ઓળખવામાં આવે છે. જે બેન્કો દ્વારા ઈશ્યું કરવામાં આવતું ડિઝીટલ સર્ટીફીકેટ છે અને આ સર્ટીફીકેટ કન્ફર્મ કરે છે કે નિકાસકારે નિકાસ કરેલ માલના આયાતકાર પાસેથી પેમેન્ટની ચુકવણી પ્રાપ્ત કરી છે. વધુમાં વિવિધ મુદાઓ જેવા કે, New eBRC Module Overview, Purpose and need of eBRC, Live Processing and actual methodology for creating eBRC in new system, Understanding and compliances in new eBRC Module, E-BRC – Banks On Boarding Status , Pre-requisites for New eBRC system, Statement of Bank Realisation અંગે વિગતવાર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ.

ત્યારબાદ ન્યુદિલ્હી ડીજીએફટી હેડ ઓફિસના ટેકનિકલ ઓફિસર દ્વારા ઓનલાઈન જોડાઈને નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે યોગ્ય પ્રત્યુતર પાઠવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વ્યકત રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.